નં.ડીએમ/વિ. ચૂંટણી/૨૨/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૨૧/૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ –૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામું

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી–૨૦૨૨ અન્વયે જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગોની મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલીત બી.બી.એ./એમ.બી.એ. કોલેજ (હરીયા કોલેજ), ઈન્દીરા માર્ગ, ઉધોગનગરની પાસે, જામનગરના બિલ્ડીંગમાં યોજાનાર છે. મતગણતરીની કાર્યવાહી શાંતિપુર્ણ વાતાવરણમાં થઈ શકે મતગણતરી દરમ્યાન કોઈપણ વ્યકિત ખલેલ પહોંચાડે નહી તથા મતગણતરી સ્થળે વ્યવસ્થામાં કોઈ બાધા કે વિક્ષેપ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

**જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે :–

**જામનગર જિલ્લાના જામનગર શહેરના ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલીત બી.બી.એ./એમ.બી.એ. કોલેજ (હરીયા કોલેજ), ઈન્દીરા માર્ગ, ઉધોગનગરની પાસે, જામનગર ના બિલ્ડીંગ વિસ્તારમાં તા.૦૮/૧૨/૨૦૨૨ ના સવારના ૦૫.૦૦ થી ૨૪.૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમાવું છું :**

(૧) કોઈપણ વ્યકિત સક્ષમ અધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના મતગણતરી કેન્દ્રમાં દાખલ થશે નહી તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શીત કરશે.

(૨) ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટ કે તેમના મતગણતરી એજન્ટ કે જેમને વિધાનસભા મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાયના અન્ય વિધાનસભા મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશી શકાશે નહી.

(૩) કોઈપણ વ્યકિત કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈપણ વ્યકિત મતગણતરી કેન્દ્રના પ્રિમાઈસીસમાં કે મતગણતરી હોલમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, ઈલેકટ્રોનીક ગેજેટસ, સ્માર્ટ વોચ, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

(૪) સમાચાર સંસ્થાઓના વ્યવસાય સાથે સંકળાયેલ પત્રકારો કે જેઓ રાજય સરકાર તરફથી ઈસ્યુ થયેલ એક્રેડીશન કાર્ડ ધરાવે છે અને તેમને વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૨ ના કવરેજ માટે **ભારતના ચૂંટણી પંચ/મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય દ્વારા પ્રવેશ પાસ આપવામાં આવેલા છે, તેવા પત્રકારો મત ગણતરી માટે મુકરર થયેલ બિલ્ડીંગમાં રાખવામાં આવેલ મિડીયા સેન્ટર/કોમ્યુનિકેશન સેન્ટર સુધી મોબાઈલ સાથે જઈ શકશે પરંતુ તેઓને કોઈપણ વિધાનસભા મત વિસ્તારના મત ગણતરી હોલમાં મોબાઈલ સાથે પ્રવેશ કરવાની મનાઈ રહેશે.**

(૫) જાહેર આરોગ્ય અને સુખાકારી માટે મત ગણતરી મથકમાં સ્વચ્છતા જળવાઈ રહે તે અતિ આવશ્યક હોય, સદરહુ બિલ્ડીંગમાં તેમજ કમ્પાઉન્ડમાં પાન, મસાલા, ગુટખા અને ધુમ્રપાન ઉપર નિષેધ રહેશે.

(૬) મતગણતરી કેન્દ્ર પર સક્ષમ અધિકારીશ્રીએ નકકી કરેલ પાર્કીંગ સ્થળે જ વાહન પાર્કીંગ કરવાનું રહેશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ –૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૨૫ માહે: નવેમ્બર–૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડવામાં આવ્યું.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:–

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામાં મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.
૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ
૪. ચૂંટણી અધિકારી ૭૬–કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૫. ચૂંટણી અધિકારી ૭૭–જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)
૬. ચૂંટણી અધિકારી ૭૮–જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)
૭. ચૂંટણી અધિકારી ૭૯–જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૮. ચૂંટણી અધિકારી ૮૦–જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને
પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય
૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી,
જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ
૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેકટરશ્રી, જામનગર
૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર
૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર
૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર